-૩૭-

જિલ્લા કક્ષાની નશાબંધી અમલીકરણ સમિતિની રચના કરવા અંગે.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક: પ્રચર/૧૦૯૮/૧૬૬૬/ઈ-૧,
સચિવાલય, ગાંધીનગર
તારીખ: 6 NOV 2006

વંચાણમાં લીધા:-(૧) ગૃહ વિભાગનો તા.૧૮/૧૨/૯૮નો ઠરાવ ક્રમાંક પ્રચર/૧૦૯૮/૧૬૬૬/ઈ-૧.
(૨) ગૃહવિભાગનો તા.૬/૫/૯૯નો સુધારા ઠરાવ ક્રમાંકપ્રચર/૧૦૯૮/૧૬૬૬/ઈ-૧.
(૩) ગૃહ વિભાગનો તા.૬/૩/૨૦૦૨નો ઠરાવ ક્રમાંક પ્રચર/૧૦૯૮/૧૬૬૬/ઈ-૧
(૪) ગૃહ વિભાગનો તા.૨૫/૭/૨૦૦૬નો ઠરાવ ક્રમાંક નશધ/૧૦૨૦૦૬/૧૬૪૮/ઈ-૧.

ઠરાવ:-

રાજયની નશાબંધી નીતિના અમલીકરણની કામગીરી નશાબંધી અને આબકારી ખાતાને સોંપવામાં આવેલ હતી, જે નશાબંધી અને આબકારી ખાતા પાસેથી પરત લઈ પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીને ક્રમાંક -૪ સામેના ઠરાવથી સોંપાતાં નશાબંધીના અમલીકરણ ની કામગીરીનું સમાંયતરે મુલ્યાંકન થાય તે માટે જિલ્લા કક્ષાની નશાબંધી અમલીકરણની સમિતિની રચના કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી, કાળજીપૂર્વકની વિચારણા બાદ જીલ્લા કક્ષાની નશાબંધી અમલીકરણ સમિતિની રચના નીચે મુજબ કરવાનું ઠરાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (૧) | સંબંધિત જિલ્લાના પોલીસ અધિક્ષક/ તેઓના પ્રતિનિધિ | અધ્યક્ષ |
| (૨) | જીલ્લા નશાબંધી અધિક્ષક/જિલ્લા નશાબંધી નિરીક્ષક | સભ્ય સચિવ. |
| (૩) | સંબંધિત જિલ્લાના ડી.વાય.એસ.પી. કક્ષાના અધિકારી | સભ્ય |
| (૪) | ગૃહ રક્ષકદળના જિલ્લાના જિલ્લા કમાન્ડન્ટ | સભ્ય |
| (૫) | ક્રમાંક ૫ થી ૧૧ બીન સરકારી મહિલા સભ્યો | સભ્ય |
| (૬) | ક્રમાંક ૧૨ થી ૧૯ બીન સરકારી સભ્યો | સભ્ય |

જીલ્લા નશાબંધી અમલીકરણ સમિતિનું મુખ્ય મથક સંબંધિત જિલ્લાનું મુખ્ય મથક રહેશે.

આ સમિતિના મુખ્ય કાર્યો નીચે મુજબ રહેશે.

(૧) તાલુકા નશાબંધી અમલીકરણ સમીતી ના અહેવાલ ની સમીક્ષા કરશે.

(૨) જિલ્લા પોલીસ અધિક્ષક કચેરી દ્વારા નશાબંધી અમલીકરણ અંગેની થયેલ કામગીરીની સમીક્ષા કરશે.

(૩) જિલ્લા નશાબંધી અમલીકરણ સમિતિના સભ્યશ્રીઓ દ્વારા ઉપલબ્ધ કરાયેલી માહિતિ અંગે